# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **પ્લાસ્ટિક પ્રદૂષણને હરાવોની થીમ સાથે આજે રાજ્યભરમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી.**
2. **માહિતી અધિકાર અધિનિયમ- 2005ના સરળ, ઝડપી, અસરકારક અમલ માટે પાંચ પાનાની માહિતી વિનામૂલ્યે આપવા રાજ્ય સરકારે નિર્ણય કર્યો.**
3. **સુરેન્દ્રનગરમાં ઘીના ભેળસેળીયા વેપારી પર ત્રાટકી ખોરાક અને ઔષધ નિયમન તંત્રે 13 લાખથી વધુની કિંમતનો_બે હજાર સાતસો કિલોગ્રામ જેટલો ભેળસેળયુક્ત ઘીનો જથ્થો જપ્ત કર્યો.**
4. **રાજ્યમાં નવા 119 કેસ સાથે કોવિડ-19ના કુલ 508 એક્ટિવ કેસ નોંધાયા.**
5. **અદાલતોમાં ઉપસ્થિત ન રહી શકનારા સાક્ષીઓ માટે જામનગરની અદાલતમાં ફોર્મલ વિટનેસ ડિપોઝીશન સેન્ટર ખૂલ્લું મૂકાયું.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# ENVIRONMENT DAY STATE

આજે સમગ્ર વિશ્વમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસ પ્રકૃતિ અને પૃથ્વીના રક્ષણ માટે સકારાત્મક પર્યાવરણીય પગલાં લેવા માટે વૈશ્વિક જાગૃતિ વધારવાના ઉદ્દેશ્યથી ઉજવવામાં આવે છે. આ વર્ષની વિષયવસ્તુ 'પ્લાસ્ટિક પ્રદૂષણને હરાવો છે.

રાજ્ય કક્ષાની ઉજવણીનો કાર્યક્રમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મહાત્મા મંદિર-ગાંધીનગર ખાતે યોજાશે. આ સમારોહમાં વન અને પર્યાવરણ મંત્રી મુળુ બેરા અને રાજ્ય મંત્રી મુકેશ પટેલ ઉપસ્થિતિ રહેશે. મુખ્યમંત્રી નવા સચિવાલય ખાતે "માતૃવન – વન કવચ" મિયાવાકી જંગલનું ભૂમિપૂજન કરશે. મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રીના હસ્તે પ્લાસ્ટિકના વિકલ્પો અને રિસાયક્લિંગ સોલ્યુશન્સ અંગેના પ્રદર્શનનું ઉ દઘાટન થશે. શ્રી પટેલ વિવિધ પર્યાવરણીય તેમજ વન વિભાગના નવીન પ્રોજેક્ટ્સનું લોકાર્પણ-ભૂમીપૂજન કરશે.

અમદાવાદના ચાંદલોડિયા વોર્ડમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સિંદૂર વનની સ્થાપના કરાશે. આ સિંદૂર વનમાં કૂલ 551 સિંદૂરના બાળવૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. તેમજ મુખ્યમંત્રી દ્વારા 11 વૃક્ષરથનું પ્રસ્થાન કરાવાશે.

અમદાવાદમાં હોમગાર્ડઝના પાંચ હજારથી વધુ જવાનો અને સિવિલ ડિફેન્સના ૭૦૦ થી વધુ સ્વયં સેવકો સાબરમતી સ્વચ્છ મહાઅભિયાનમાં જોડાશે.

સાબરકાંઠામાં ખેડબ્રહ્મા ખાતે વન મંત્રી મુળુ બેરાની ઉપસ્થિતિમાં અરવલ્લી હરિત દીવાલ પરિયોજનાનો શુભારંભ કરાશે. તેમજ ખેડબ્રહ્મા તાલીમ કેન્દ્ર ખાતે માતૃવન-વનકવચ-મિયાવાકી જંગલનો શુભારંભ કરાશે.

---

# GOOD GOVERNENCE

જાહેર વહીવટમાં પારદર્શિતા તથા જવાબદારી લાવવાના આશયથી અમલમાં મૂકાયેલ માહિતી આધિકાર અધિનિયમ-૨૦૦૫ ના અસરકાર , સૂચારુ અમલ માટે ગુજરાત માહિતી આયોગે કેટલીક ભલામણો કરી હતી..

વિધાનસભા સમક્ષ રજુ કરેલ વર્ષ – 2023-24ના વાર્ષિક વહીવટી અહેવાલમા કરાયેલી આ ભલામણોને રાજ્ય સરકારે સ્વીકારી છે. જેમાં પાંચ પાના સુધીની માહિતી વિનામૂલ્યે આપવી, સરકારી રેકર્ડને યથાયોગ્ય રીતે વર્ગીકૃત કરીને તેની અનુક્રમણિકા સાથે જાળવણી કરી તેને યોગ્ય રીતે વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવું અને ઇ-મેઇલથી/ઓનલાઇન માહિતી માંગવામાં આવે ત્યારે ફોટો પાડીને માહિતી મોકલી આપવી , ત્યારબાદ તેને તે માહિતી ભૌતિક સ્વરૂપે મોકલી આપવાની રહેશે નહીં. તે સહિતની ચાર ભલામણોનો સ્વીકાર કર્યો છે..

---

# FOOD AND DRUGS -SURENDRANAGAR

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સુરેન્દ્રકનગરના ગુગલીયામા શિવ ઇન્ડ.સ્ટ્રીઝ નામની પેઢીમાથી આશરે 13 લાખની કિંમતનો બે હજાર 700 કિલોગ્રામ ભેળસેળયુક્ત ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ અંગે વેપારીની પૂછપરછ કરતા તેણે ભેળસેળ કર્યાનું સ્વીકાર્યુ હતુ.

આ અંગે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કમિશનર એચ .જી. કૌશિયાએ વધુ માહિતી આપી.

## (બાઈટ - એચ.જી.કૌશિયા)

---

# COVID_19 CASES

રાજ્યમાં ગઈકાલે નોંધાયેલા નવા 119 કેસ સાથે કોવિડ-19ના કુલ 508ના કેસ નોંધાયા છે. આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આંકડા અનુસાર 18 દર્દીઓ વિવિધ સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યારે 490 દર્દીઓ હોમ આઇસોલેશનમાં છે. આ દરમિયાન કુલ 72 દર્દીઓ સાજા થતાં તેમને રજા આપવામાં આવી હતી.

---

# BVN-PRI MONSUN KAMGIRI

આગામી ચોમાસા પૂર્વે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં પ્રિ-મોન્સૂન કામગીરી ત્રણ તબક્કામાં હાથ ધરવામાં આવી રહી છે. જાહેર માર્ગો પરના પીજીવીસીએલના તાર ઉપરના વૃક્ષોની ડાળીઓનું પણ કટિંગ કરવામાં આવશે .જેથી વાવાઝોડા જેવી સ્થિતિમાં આવા વૃક્ષો પડવાની કોઈ દુર્ઘટના ન સર્જાય તેમજ 227 ભયજનક મકાનોને પણ નોટિસો પાઠવવામાં આવી છે.

તેવી માહિતી ભાવનગર મહાનગર પાલિકાના સ્થાયી સમિતિના અધ્યક્ષ રાજુ રાબડીયાએ આપી હતી.

## બાઈટ : રાજુભાઈ રાબડીયા,સ્ટેન્ડિંગ ચેરમેન,

---

# FORMAL WITNESS DISPOSITION CENTER JAMANAGAR

જામનગરની અદાલતમાં પ્રાયોગિક ધોરણે ફોર્મલ વિટનેસ ડિપોઝીશન સેન્ટર ખૂલ્લું મૂકવામાં આવ્યું છે. આ કેન્દ્રનો ઉદેશ્ય ન્યાયની પ્રક્રિયા સરળ અને ઝડપી બનાવવાનો છે.

આનાથી અદાલતમાં ઉપસ્થિત ના રહી શકતા સાક્ષીઓ જિલ્લાકક્ષાએ જે તે સેન્ટરમાં ઉપસ્થિત રહી ન્યાયની પ્રક્રિયામાં ભાગ લઈ શકશે.

આ અંગે જામનગર જિલ્લા ન્યાયિક સેવાના સચિવ એ.એમ.શુક્લએ વધુ માહિતી આપી.

**(બાઈટ એ.એમ.શુક્લ - સેક્રેટરી ડિસ્ટ્રીકટ લીગલ સર્વિસ)**

---

# POSTAL PENSIONER SERVICE

પોસ્ટ વિભાગ અને ગુજરાત સરકારની સંયુક્ત પહેલના ભાગરૂપે હવેથી રેશનકાર્ડ ધારકો માટે મફત NFSA e-KYC અને પેન્શનરો માટે ડિજિટલ જીવન પ્રમાણપત્રની સેવા ઘરેબેઠાં મળશે.

તાપી જિલ્લામાં પણ આ સેવા પોસ્ટ વિભાગની દરેક ગ્રામ્ય અને શહેરી પોસ્ટ ઓફિસોમાં સરળતાથી ઉપલબ્ધ છે. ખાસ કરીને વૃદ્ધ પેન્શનરો, દિવ્યાંગો અને દુર્ગમ વિસ્તારમાં રહેતા લાભાર્થીઓ માટે આ સેવા ઉપકારક સાબિત થઇ રહી છે. તેમ વ્યારાના સબ ડિવિઝન ઓફિસિ આસિસ્ટન્ટ કપિલ ગૌરે જણાવ્યું હતું.

**(બાઈટ- કપિલ ગૌર - ઓફીસ આસિસ્ટન્સ)**

---

# WEATHER

હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન મધ્યમ વરસાદની આગાહી કરી છે.

જ્યારે આજે ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાંક જિલ્લાઓમાં ભારે પવન સાથે વરસાદની હવામાન વિભાગના વડા ડૉ.એ.કે.દાસે આગાહી કરી છે.

**(બાઇટ – ડૉ.એ કે દાસ, વડા હવામાન વિભાગ)**

---

# SOMNATH MAHA AARTI

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથમાં ત્રિવેણી સંગમ ખાતે આજે ગંગાદશેરા નિમિત્તે ગંગા અવતરણ પૂજા અને મહાઆરતી કરાશે. દરમિયાન ભગવાન શિવજીની સ્તોત્રના પઠન સાથે વિધિવત્ પૂજા કરી તેમની જટા પર ગંગાજળનો અભિષેક કરાશે. આ ઉપરાંત ભક્તો ત્રિવેણી માતાની મહાઆરતી કરી જળ સ્થાપત્યની સ્વચ્છતાની પ્રતિજ્ઞા લેશે.

આ ઉપરાંત જેઠ સુદ એકમથી રાજ્યના નર્મદા કિનારાના ચાણોદ , નારેશ્વર, સિનોર , ભાલોદ જેવા સ્થળો ઉપર ગંગા દશાહરા નિમિત્તે નર્મદા પૂજન , નર્મદા આરતી અને વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે આરતી યોજાઇ રહી છે.. જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહે છે. આજે ગંગાદશાહરાનો અંતિમ દિવસ છે..

---

# AHMEDABAD METRO

અમદાવાદમાં આઇપીએલની નવ મેચ દરમિયાન મેટ્રોમાં 15 લાખથી વધુ લોકોએ મુસાફરી કરી છે. એટલું જ નહિ અમદાવાદ મેટ્રોને માત્ર નવ દિવસમાં બે કરોડથી વધુની આવક પણ થઈ છે. ત્રીજી જૂને આઈપીએલની ફા ઈનલ મેચ દરમિયાન બે લાખ 13 હજાર 336 લોકોએ મુસાફરી કરી, જેનાથી મેટ્રોને 32.12 લાખની આવક થઈ હતી.

---